# “ભરૂચ અને નર્મદા જિલ્લાના ખેડૂત ઉત્પાદક સંગઠનોની હાલની સ્થિતિનો અભ્યાસ”


જીતેન્દ્ર વસાવા
પી.એચ.ડી. સ્કોલર
મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત.

ડો .શ્રીધર નિમાવત
આસિસ્ટન્ટ પ્રોફેસર
મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ,સુરત

## અમૂર્ત(Abstract)

આ સંશોધન અભ્યાસમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં સ્થિત ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO)ની હાલની સ્થિતિ અને તેમની પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસ પ્રાથમિક અને ગૌણ માહિતીના આધારે ૫ FPOsની મુલાકાત લઈને કરવામાં આવ્યો છે. અભ્યાસના મુખ્ય તારણો દર્શાવે છે કે FPOsમાં મહિલાઓની ભાગીદારી (૧૬%) ખૂબ ઓછી છે, મોટાભાગના FPOs એકથી વધુ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા છે, અને તેઓ મુખ્યત્વે સ્થાનિક બજારોમાં વેચાણ કરે છે. આ અભ્યાસ FPOsની મુખ્ય સમસ્યાઓ તરીકે કાર્યપૂંજીની અછત, બજાર સુધીની પહોંચમાં મર્યાદા અને નાણાંકીય લેવડદેવડની સમસ્યાઓ દર્શાવે છે. ખેતી કાર્યોમાં મહિલાઓની ભાગીદારી ઘણી વધારે હોય છે, તેથી ખેડૂત ઉત્પાદક સંગઠનોમાં મહિલાઓની ભાગીદારી વધે તે ખુબ જ જરૂરી છે. જે માટે કેટલીક સરકારી યોજનાઓ સાથે ખેડૂત ઉત્પાદક સંગઠનનું જોડાણ કરવું આવશ્યક છે. આ ઉપરાંત, નાના ખેડૂતોને વિવિધ કૃષિ કાર્યો માટે નાણાની જરૂરિયાત ઘણી રહેતી હોય છે, જેથી એફપીઓમાં રોકડ નાણાંના વ્યવહારની સુવિધા પણ ઉપલબ્ધ થાય તે ખુબ જ જરૂરી બની રહે છે.

## પરિચય

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ બરેલીમાં કિસાન રેલીમાં ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની સ્પષ્ટ હાંકલ કરી હતી, ત્યારબાદ ૨૦૧૬-૧૭ના બજેટમાં નાણાંપ્રધાને આ વાત રજૂ કરીને આ નિવેદનને સત્તાવાર સ્વરૂપ પૂરું પાડ્યું હતું. ભારતમાં કૃષિ માર્કેટિંગની ઘણી સમસ્યાઓ રહેલી છે, જેમાં વચેટિયાઓ, ખામીયુક્ત વજનીયાં, શિક્ષણ અને એકતાનો અભાવ, સંગ્રહ સુવિધાઓનો અભાવ, પરિવહન સુવિધાઓનો અભાવ, નાણાંકીય સુવિધાઓનો અભાવ, સંગઠિત માર્કેટિંગ સિસ્ટમનો અભાવ વગેરે છે. આ તમામ સમસ્યાઓને હલ કરવા અને ભારતમાં નાના અને સીમાંત ખેડૂતોના આર્થિક સશક્તિકરણને વધારવા માટે ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs) એક મહત્ત્વપૂર્ણ પદ્ધતિ તરીકે સેવા આપે છે. FPOનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્પાદકોને તેમની પોતાની સંસ્થા દ્વારા સારી આવક સુનિશ્ચિત કરવાનો છે.

દેશને આઝાદી મળ્યા બાદ, ૧૯૬૦ના મધ્યમાં, રાષ્ટ્રમાં ખોરાકની અછત ઉભી થઈ. આ સમયે દેશમાં હરિયાળી ક્રાંતિ આવી, જેણે છેલ્લાં ૫૦ વર્ષથી ચાલતી ખાદ્ય કટોકટીનો સામનો કરવા માટેનો માર્ગ મોકળો બનાવ્યો. હરિયાળી ક્રાંતિએ ભારતને અનાજની બાબતમાં સ્વાવલંબી બનાવ્યું અને ખાદ્યાન્નની અન્ય દેશોમાં નિકાસ કરવા માટે સક્ષમ બનાવ્યું. પરંતુ આ બધી બાબતોની ખેડૂતોની આવક પર કોઈ અસર જોવા મળી ન હતી.

ભારતીય કૃષિમાં મુખ્યત્વે મોટી સંખ્યામાં છૂટાં-છવાયા અને નાના ટુકડાઓમાં વહેંચાયેલું છે. લગભગ ૮૫% ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે. તેઓમાં સંગઠનનો અભાવ હોવાના કારણે, તેઓ પોતાના ઉત્પાદનની સારી કિંમત મેળવી શકતા નથી. અહીં એ પણ નોંધવું આવશ્યક

છે કે ભારતીય કૃષિ નાના અને સીમાંત ખેડૂતો પર ભારે આધાર રાખે છે, જે જમીન ધારકતામાં ૮૫% અને ખેતીની જમીનનો ૪૪% હિસ્સો ધરાવે છે.

નાના અને સીમાંત ખેડૂતો પાસે ઓછી જમીન હોય છે અને સાથે સાથે ખેતીના આધુનિક સાધનો, ખાતર, સિંચાઈ અને બિયારણની વ્યવસ્થા પણ મર્યાદિત હોય છે. જેથી કરીને ખેતીનો ખર્ચ કરતાં આવક ઓછી થાય છે. ખેડૂતોને આ પરિસ્થિતિમાંથી ઉગારવા માટે ખેડૂતોનું સમૂહીકીકરણ કરી એક જાતનું સંગઠન ઊભું કરવામાં આવે છે, જેને ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) કહે છે. FPO નાના ખેડૂતોને એન્ડ-ટુ-એન્ડ સેવાઓ સાથે ટેકો પૂરો પાડે છે, જેમાં ઇનપુટ, ટેકનિકલ સેવાઓથી માંડીને પ્રોસેસિંગ અને માર્કેટિંગ સુધીના ખેતીના લગભગ તમામ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે. (Ministry of Agriculture & Farmers Welfare, 2023)

ભારતમાં વાય. કે. અલાઘ (ભારત સરકાર, ૧૯૯૯)ની અધ્યક્ષતાવાળી ઉચ્ચ સત્તાવાળી સમિતિના ભલામણોના આધારે ઉત્પાદક સંગઠનોને સામેલ કરવાની મંજૂરી આપવા માટે વર્ષ ૨૦૦૨માં કંપની અધિનિયમ, ૧૯૫૬માં સુધારો કરવામાં આવ્યો હતો. આ સુધારણા કારણે કૃષિ મંત્રાલયના કૃષિ અને સહકાર વિભાગ (DAC) હેઠળ નાબાર્ડ અને SFAC જેવી સંસ્થાઓનું વર્ચસ્વ વધતું જોવા મળે છે, જે વિવિધ કાર્યક્રમો થકી FPOની રચના અને પ્રમોશનને સમર્થન આપે છે. આ માટે સરકાર દ્વારા NABARD દ્વારા FPOની રચના અને પ્રમોશન માટે ૨૦૧૪ના કેન્દ્રીય બજેટમાં રૂ. ૨૦૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. (Tagat & Tagat, 2016)

૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ FPOના ઉદાહરણ દ્વારા ગ્રામીણ વિસ્તારમાં નાના ખેડૂતો વચ્ચે વધતી ઉદ્યોગસાહસિકતાની નોંધ લેતા જણાવ્યું હતું કે દેશમાં ૧૦,૦૦૦ FPOના લક્ષ્યાંકમાંથી ૮૦૦૦ FPO કાર્યરત છે. (Prime Minister's Office, 2024)

## સંદર્ભ સાહિત્ય સમીક્ષા

વેંકટેશ તગત અને અનિરુદ્ધ તગત પોતાના અભ્યાસમાં જણાવે છે કે FPOs તેમના સભ્ય-ખેડૂતોને ઇનપુટસની ખરીદી, પ્રોસેસિંગ અને તેમની પેદાશોના માર્કેટિંગમાં સ્કેલની અર્થવ્યવસ્થાના લાભો મેળવવા માટે સક્ષમ બનાવે છે. સાથે ઉત્પાદક સંગઠનની રચના સભ્ય-ખેડૂતોને પર્યાપ્ત અને સમયસર ધિરાણની જોગવાઈ અને બજારો સાથેનું જોડાણ પૂરું પાડે છે. (Tagat & Tagat, 2016) આ ઉપરાંત મોહનલાલ યાદવ અને અન્યો દ્વારા કરવામાં આવેલ અભ્યાસ ટકાઉ કૃષિ અને વૃદ્ધિને વધુ સારી રીતે સશક્ત બનાવવા માટે FPOને કેવી રીતે સુધારી શકાય તે ઉદ્દેશ્ય સાથે કરેલ હતો, જેમાં લેખકો જણાવે છે કે ખેડૂતોમાં તેમની કુશળતા અને ઉત્પાદકતા વધારવા માટે તકનીકી તાલીમ જરૂરી છે તથા FPO માત્ર કૃષિ વિકાસમાં જ નહીં પરંતુ ખેડૂતોના જીવનની ગુણવત્તા સુધારવા માટે પણ મહત્વની ભૂમિકા ભજવે છે. (Yadav, Dwivedi, & Kumar, 2024)

શ્રીદેવી વલમાન્નાવાર અને એસ. સુમંથ પોતાના અભ્યાસમાં નોંધે છે કે ઘણા FPO ગ્રામીણ વિસ્તારમાં સ્થિત છે અને અપૂરતા વ્યવસાયિક સંચાલન, કુશળ માનવશક્તિનો અભાવ અને અપૂરતી પ્રારંભિક મૂડી જેવા પડકારોનો સામનો કરે છે, જે તેમની અસરકારકતા અને ખેડૂતોના સશક્તિકરણને અવરોધે છે. આ સાથે જ તેઓ નોંધે છે કે FPO નાના અને સીમાંત ખેડૂતોની આવકમાં વધારો કરવામાં હકારાત્મક ભૂમિકા ભજવે છે. (Valamannavar & Sumanth, 2019)

કોટે, વિજયલક્ષ્મી અને અન્યો (૨૦૨૩) પોતાના લેખમાં ખેડૂત ઉત્પાદક સંગઠન બનાવવા માટેની તકો અને તેના માટે સામનો કરવી પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરે છે. આ અભ્યાસ FPOની તકો અને તેના દ્વારા સામનો કરવામાં આવતા પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ખેડૂત ઉત્પાદક સંગઠનોની રચના કરતી વખતે સામનો કરવામાં આવતા પડકારો અંગે તેઓ જણાવે છે કે ખેડૂત ઉત્પાદક સંગઠન ખેડૂતોને તેમની આજીવિકા સુધારવામાં મદદ કરી રહ્યા છે, પરંતુ હજુ સુધી તેની વિભાવના તમામ ખેડૂતો સુધી પહોંચી નથી, જે કારણથી ખેડૂતોની અર્થવ્યવસ્થા સુધારવામાં તેને અપેક્ષિત સફળતા મળી શકી નથી. લેખકો પોતાના તારણમાં જણાવે છે કે પ્રોડ્યુસર કંપની મોડલ માટે તેના હિતધારકોને ફાયદો પહોચાડવાની ઘણી સંભાવનાઓ રહેલી છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં ગ્રામીણ વિસ્તારમાં તેની વિભાવના અને ફાયદાઓ વિશેની સમજણ ઓછી જોવા મળે છે. (Kote, Vijaylaxmi, Sidramayya, & Ashokkumar, 2023)

## સંશોધન પ્રશ્ન

સંબંધિત વિષય સાથે સંબંધિત અગાઉ કરવામાં આવેલ સંશોધનોનો અભ્યાસ કાર્ય બાદ અભ્યાસકર્તાના મનમાં જે સંશોધન પ્રશ્ન થાય છે તે નીચે મુજબ છે:

૧. અભ્યાસ વિસ્તારમાં ખેડૂત ઉત્પાદક સંગઠનોની હાલની સ્થિતિ કેવા પ્રકારની હશે?

## અભ્યાસનો હેતુ

સંશોધન પ્રશ્નને અનુરૂપ પ્રસ્તુત અભ્યાસ કરવા માટે નીચે મુજબના હેતુઓ રહેલા છે:

૧. ખેડૂત ઉત્પાદક સંગઠનની હાલની સ્થિતિ અંગેની જાણકારી મેળવીને તેની કરવામાં આવતી પ્રવૃત્તિઓ અંગે ખ્યાલ મેળવવા.

૨. FPOને પડતી મુશ્કેલીઓ અને તેના અંગેના કારણો તપાસવા.

## માહિતીના સ્ત્રોત અને એકત્રીકરણ

ગૌણ માહિતી વિવિધ સંશોધનોમાંથી લેવામાં આવી છે, અને પ્રાથમિક માહિતી મેળવવા માટે મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે માટે નોંધાયેલ ખેડૂત ઉત્પાદક સંગઠનોની યાદી નાબાર્ડ, SFAC જેવી સંસ્થાઓની વેબસાઇટ પરથી મેળવવામાં આવી હતી. આ યાદીમાંથી ભરૂચ જિલ્લાના ૩ FPO અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ૨ FPO એમ કુલ ૫ FPOsની વ્યક્તિગત મુલાકાત દ્વારા પ્રાથમિક માહિતી એકત્રિત કરવામાં આવી હતી. મેળવેલ

પ્રાથમિક માહિતીના આધારે વર્ણનાત્મક અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ FPOsની યાદી આ મુજબ છે:

| ક્રમ | FPOનું નામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|
| ૧ | ધ દેવનદી ખેત ઉત્પાદકોની વિવિધલક્ષી અને રૂપાંતર કરનારી સહકારી મંડળી લિમિટેડ | ડેડિયાપાડા | નર્મદા |
| ૨ | ભૂમિપુત્ર પલ્સ ક્રોપ પ્રોડ્યુસર કંપની લિમિટેડ | ડેડિયાપાડા | નર્મદા |
| ૩ | એમ/એસ. એ.બી. ભરૂચ એસ.પી.એન.એફ. પ્રોડ્યુસર કંપની લિમિટેડ | આમોદ | ભરૂચ |
| ૪ | કૃષિ આધાર આમોદ ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ | આમોદ | ભરૂચ |
| ૫ | ધી સમન્વય ખેડૂત સેવા સહકારી મંડળી લિમિટેડ | આમોદ | ભરૂચ |

## અભ્યાસના મુખ્ય તારણો

- કૃષિ ક્ષેત્રે મહિલાઓની ખૂબ મહત્ત્વની ભૂમિકા રહેલી હોય છે, પરંતુ તે ફક્ત કૃષિકાર્યો પુરતી જ જોવા મળે છે. અન્ય બાબતો, જેમાં જરૂરી નિર્ણયો લેવા કે તેનું વેચાણ, માર્કેટિંગ, જમીનની માલિકી વગેરે બાબતોમાં મહિલાઓને સામેલ કરવામાં આવતી નથી. પ્રસ્તુત અભ્યાસમાં FPOની બાબતમાં પણ એ જ ચિત્ર સામે આવે છે. અભ્યાસમાં મેળવેલ માહિતીમાં FPOના સભ્યપદ ધરાવનારમાં ૮૪% પુરુષોનો સમાવેશ થાય છે, જ્યારે ફક્ત ૧૬% જ સભ્ય સ્ત્રીઓ જોવા મળે છે.
- FPO વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ હોય છે. આ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ ૫ FPOs કોઈ એક પ્રવૃત્તિ ન કરતા ઇનપુટસની ખરીદી, સંકલિત વેચાણ, તાલીમ અને ક્ષમતા વિકાસ, નિદર્શન જેવી અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ જોવા મળે છે.
- મોટાભાગે FPOsમાં કોઈ એક ગામનો સમાવેશ ન થતાં એક ક્લસ્ટરનો સમાવેશ થાય છે. આથી FPO એ ગ્રામીણ વિસ્તારમાં ક્લસ્ટર સ્તરે મોટાપાયે ગ્રામવિકાસ કરવા માટે સક્ષમ પદ્ધતિ તરીકે વિકસાવી શકાય છે.
- એફપીઓ પાકોના ઉત્પાદનના વેચાણ માટે FPOs મોટાભાગે સ્થાનિક બજારની પસંદગી કરતા હોય છે.
- અભ્યાસ હેઠળના FPOsમાં સંગ્રહ સુવિધાઓ, શાસન યોજના સાથેનું જોડાણ અને નાણાંકીય સંસ્થાઓ સાથેના જોડાણની ખામી જોવા મળે છે. વેંકટેશ તગત અને અનિરુદ્ધ તગત જણાવે છે કે ઉત્પાદન સંગઠનો દ્વારા સભ્ય-ખેડૂતોને પર્યાપ્ત અને સમયસર ધિરાણની સાથે બજારનું જોડાણ પૂરું પાડવામાં આવે છે, જે બાબત અહીં પૂર્ણ રીતે સાબિત

થતી જોવા મળતી નથી. આ સાથે જ કુલ ૫ FPOs માંથી ફક્ત ૧ FPO જ કંપની સાથે MoU ધરાવે છે, જે ઇનપુટસની ખરીદી કરવા માટે કરેલ છે.

- FPO એ એક સહકારી માળખું છે, જેથી તેના સભ્યોની સાથે જરૂરી સંવાદ અને વિશ્વાસ જળવાય તેવી પ્રવૃત્તિઓ કરવી જરૂરી છે. FPOના સભ્યો ખેડૂતો હોય છે, જેથી FPO દ્વારા તેમના ખેતર પર ક્ષેત્ર મુલાકાત કરવાથી તેમના ખેડૂત સભ્યો વચ્ચે FPO પ્રત્યેના વિશ્વાસમાં વધારો કરી શકાય છે. પ્રસ્તુત અભ્યાસમાં જાણી શકાય છે કે FPOs દ્વારા સભ્ય ખેડૂતોની મુલાકાત કરતા હોય તેવું ઓછું જોવા મળે છે, જેનો સમયગાળો નક્કી હોતો નથી. આ કારણથી ખેડૂતોનો FPO પ્રત્યેનો વિશ્વાસ કેળવવો મુશ્કેલ જણાઈ આવે છે.
- મોહનલાલ યાદવ અને અન્યોના જણાવ્યા મુજબ ખેડૂતોમાં તેમની કુશળતા અને ઉત્પાદકતા વધારવા માટે તકનીકી તાલીમની જરૂરિયાત હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં મોટાભાગના FPOs દ્વારા ખેડૂતોને તાલીમ પૂરી પાડવામાં આવે છે, જે મુખ્યત્વે ખેતીલક્ષી અને પ્રાકૃતિક ખેતી સંબંધિત હોય છે. આ તાલીમ FPOsના કર્મચારીઓ, ડાયરેક્ટરો, વિષય નિષ્ણાતો અને કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવે છે.
- મોહનલાલ યાદવ અને અન્યોના જણાવ્યા મુજબ FPO માત્ર કૃષિ વિકાસમાં જ નહીં, પરંતુ ખેડૂતોના જીવનની ગુણવત્તા સુધારવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત શ્રીદેવી વલમાન્નાવાર અને એસ. સુમંથના પરિણામો દર્શાવે છે કે FPO નાના અને સીમાંત ખેડૂતોની આવકમાં વધારો કરવામાં હકારાત્મક ભૂમિકા ભજવે છે. પ્રસ્તુત અભ્યાસ વિસ્તારમાં FPOs નફો કમાવતા હોય છે, પરંતુ તેની વહેંચણી સભ્યોમાં કરવામાં આવતી નથી. આ ઉપરાંત ખેડૂતોની આવકમાં વધારો થયેલ નથી. આમ, આ અભ્યાસોના પરિણામો સાથે સુસંગતતા જોવા મળતી નથી.
- કોઈ પણ સહકારી માળખામાં દરેક સભ્યને પોતાના વિચારો મૂકવાની સ્વતંત્રતા મળવી ખૂબ જ અનિવાર્ય હોય છે, જેથી સંગઠન પ્રત્યે વિશ્વાસની ભાવના કેળવાય છે, ઉપરાંત સંગઠનને પણ નવીન વિચારો મળવાની સંભાવનામાં વધારો થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં જાણી શકાય છે કે FPO દ્વારા સભ્ય-ખેડૂતો પાસેથી મોટાભાગે વાર્ષિક સભામાં વિવિધ સૂચનો મેળવવામાં આવે છે. જે FPOના ટકાઉપણામાં ખૂબ જ જરૂરી બાબત બની રહે છે.
- FPOs હાલમાં કેટલાક પડકારોનો સામનો કરી રહ્યા છે, જેમાં જરૂરી કાર્યપૂંજીની અછત, બજાર સુધી પહોંચમાં અછત અને સભ્યોની ઓછી ભાગીદારી છે, આ ઉપરાંત મુખ્ય પડકાર નાણાંકીય લેવડદેવડનો છે. ખેડૂતો મોટાભાગે પોતાના મજૂર અને અન્ય ખર્ચાઓ પાકનું વેચાણ કરીને ઉપજેલાં નાણાં મારફતે ચુકવણી કરતા હોય છે. ખેડૂતો જ્યારે FPOs મારફતે વેચાણ કરે છે, ત્યારે તેઓને તાત્કાલિક નાણાંની ચુકવણી કરવામાં આવતી નથી, પરંતુ તેમના પાકોનું વેચાણ થયા બાદ તેમને ચેકથી ચુકવણી કરવામાં આવતી હોય છે,

જેથી ખેડૂત પાસે નાણાં આવવામાં ઘણો સમય લાગતો હોય છે. આથી ખેડૂતો પોતાના ઉત્પાદનોને FPO દ્વારા વેચાણ ન કરતાં, સ્થાનિક વેપારીઓને ઓછા ભાવે વેચી દેતા હોય છે. શ્રીદેવી વલમાન્નાવાર અને એસ. સુમંથ પોતાના અભ્યાસમાં જણાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં સ્થિત FPO અપૂરતા વ્યવસાયિક સંચાલન, કુશળ માનવશક્તિનો અભાવ અને અપૂરતી પ્રારંભિક મૂડી જેવા પડકારોનો સામનો કરે છે, જે બાબત અહીં પણ પૂર્ણ રીતે સાબિત થાય છે.

## સૂચનો

1. FPOમાં સ્ત્રી સભ્યોની સંખ્યામાં વધારો થાય એ માટેના પ્રયત્નો હાથ ધરવા જોઈએ. જે માટે મહિલાઓ માટે કાર્યરત સંસ્થાઓ અને સરકારી યોજનાઓ સાથેનું જોડાણ કરવું જોઈએ.
2. દરેક FPOનું શાસન યોજના, નાણાંકીય સંસ્થાઓ અને બજારો સાથે યોગ્ય જોડાણ ઊભું થાય તે માટેના પ્રયત્નોને અગ્રિમતા આપવી જોઈએ તેમજ તેમાં રહેલ ખામીઓને દૂર કરવા માટેના પ્રયત્નો કરવા જોઈએ. આ માટે ખૂટતી કડીઓને ઓળખીને તેમાં સુધારો કરવો જોઈએ.
3. FPOના સભ્ય ખેડૂતોના નફામાં વધારો થાય એ માટે ઇનપુટસ ઉત્પાદન કરતી કંપનીઓ તેમજ ઉત્પાદનોનું મૂલ્યવર્ધન કરનાર કંપનીઓ સાથે યોગ્ય કરાર કરવાને પ્રાધાન્ય આપવું જોઈએ. જે માટે એફપીઓ અને કૃષિ સાથે સંકળાયેલ કંપનીઓને એક યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે માટેનું આયોજન કરવું જોઈએ.
4. સરકાર દ્વારા ટેકાના ભાવે વિવિધ કૃષિ ઉત્પાદનોની ખરીદી કરવામાં આવતી હોય છે, જે માટે FPOને પ્રાધાન્ય આપવું જોઈએ અને આ ખરીદી માટે એફપીઓને સક્ષમ બનાવવા માટે જરૂરી પ્રયત્નો કરવા જોઈએ.
5. ખેડૂતો પોતાના ઉત્પાદનો FPO થકી વેચાણ કરી શકે અને પોતાની આર્થિક સમસ્યાઓને પહોંચી વળે એ માટે ઉત્પાદનોની ખરીદી માટે કેશ વ્યવહારની સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ.

## સારાંશ

આ સંશોધન અભ્યાસમાં ભરૂચ અને નર્મદા જિલ્લાના ૫ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO)ની હાલની સ્થિતિનું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસના મુખ્ય તારણો દર્શાવે છે કે FPOsમાં મહિલાઓની ભાગીદારી માત્ર ૧૬% જેટલી ઓછી છે, જે મહિલા સશક્તિકરણમાં સંગઠનની મર્યાદિત ભૂમિકા દર્શાવે છે. મોટાભાગના FPOs બહુવિધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા છે અને વિવિધ પાકોના ઉત્પાદન અને વેચાણમાં સામેલ છે.

અભ્યાસમાં એ પણ સામે આવ્યું છે કે FPOs મુખ્યત્વે સ્થાનિક બજારો સાથે જોડાયેલા છે અને તેમનું કંપનીઓ સાથેનું જોડાણ મર્યાદિત છે. સંગ્રહ સુવિધાઓ, શાસકીય યોજનાઓ સાથેનું જોડાણ અને નાણાંકીય સંસ્થાઓ સાથેનું જોડાણ અપૂરતું છે. આ ઉપરાંત, કાર્યપૂંજીની અછત, બજાર સુધીની પહોંચમાં મર્યાદા અને નાણાંકીય લેવડદેવડની સમસ્યાઓ મુખ્ય પડકારો તરીકે સામે આવી છે.

સૂચનોમાં મહિલા ભાગીદારી વધારવી, સરકારી યોજનાઓ સાથે બહેતર જોડાણ સ્થાપિત કરવું, કંપનીઓ સાથે યોગ્ય કરાર કરવા અને કેશ વ્યવહારની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો સમાવેશ છે. આ અભ્યાસ દર્શાવે છે કે FPOs પાસે ખેડૂતોના આર્થિક સશક્તિકરણ માટે મોટી સંભાવનાઓ છે, પરંતુ તેમની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે વ્યવસ્થિત સુધારાઓની આવશ્યકતા છે.

## ફોટોગ્રાફી




ફોટો પાડનાર : સંસ્થાના કર્મચારી

M/S AB BHARUCH SPNF PRODUCER COMPANY LIMITED ના ડાયરેક્ટર દિલીપભાઈ સાથેની મુલાકાત




ફોટો લેનાર : જાતે

CBBO: AKRSP(I) ની મુલાકાત




ફોટો લેનાર : સંતોષ વસાવા

ભૂમિપુત્ર પલ્સ ક્રોપ પ્રોડ્યુસર કંપની લીમીટેડના વિજયભાઈ વસાવાની મુલાકાત



ફોટો લેનાર : સંતોષ વસાવા

ધ દેવનદી ખેત ઉત્પાદકોની વિવિધલક્ષી અને રૂપાંતર કરનારી સહકારી મંડળી લીમીટેડના અમીરભાઇની મુલાકાત

## સંદર્ભ સૂચિ:


1. Kote, P., Vijaylaxmi, B. S., Sidramayya, & A. B. (2023, August 18). Opportunities and Challenges in Forming Farmer Producer Organizations. *Biological Forum – An International Journal, 15*(10), 1538-1541.

2. Ministry of Agriculture & Farmers Welfare, P. I. (2023, 8 11). *72 representative of Farmers Producers Organisation from Gujrat will witness the Independence Day celebrates at Red Fort.* Retrieved from https://pib.gov.in/PreReleasePage.aspx?PRID=1947701

3. Prime Ministers Office, G. o. (2024, February 24). Prime Ministeres adderesses cooperative sector. Retrieved from https://www.pmindia.gov.in/gu/news_updates/પ્રધાનમંત્રીએ-સહકારી-ક્ષ/

4. Tagat, V., & Tagat, A. (2016, January). The Potential of Farmer Producer Organizations in India. *SSRN Electronic Journal*. doi:DOI: 10.2139/ssrn.2972488

5. Valamannavar, S., & Sumanth, s. (2019, January). A review on farmer producer organisations: A new dimension to the farmer centric approach. *INTERNATIONAL JOURNAL OF AGRICULTURAL SCIENCES , 15*(1), 212-216. doi:10.15740/HAS/IJAS/15.1/212-216

6. Yadav, M. L., Dwivedi, P., & Kumar, A. (2024, May). Evaluating the Impact and Challenges of Farmer Producer Organizations on Agricultural Development in Jaipur District, Rajasthan, India. *Asian Research Journal of Agriculture, 17*(2), 336-340. doi:10.9734/arja/2024/v17i2455